એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ
(અગાઉ એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ તરીકે ઓળખાતી હતી)
નોંધણીકૃત કાર્યાલયઃ એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ, વૃંદાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કાલીના, સીએસટી રોડ, મર્સિડીઝ શોરૂમની નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ–400 098.
CIN No.: L67120MH2008PLC181833
શાખા કાર્યાલયઃ સુરત

L&T Finance

જાહેર સૂચના – મિલકતની હરાજી કમ વેચાણ

એલ&ટી ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 (54/2002) અને કથિત ધારા હેઠળ આપવામાં આવેલી સત્તાની અજમાયશ કરતાં નિમ્નલિખિત મિલકતો તેનાં લેણાં અને તેની પરનું વ્યાજ, શુલ્ક અને ખર્ચ વગેરે વસૂલ કરવા માટે **"જાહેર ઈ–હરાજી"** થકી **"જેમ છે જ્યાં છે ધોરણે" અને "જેમ છે જે સ્થિતિમાં છે"** ધોરણે ઈ–હરાજી કરવા માગે છે.

ઋણદાર અને સહ–ઋણદારનું નામ	સંરક્ષિત મિલકતનું સરનામું	લોન અકાઉન્ટ નંબર(રો)	પ્રત્યક્ષ લીધેલો કબજો	બાનાની રકમ 10% અથવા અનામત કિંમતથી વધ (રૂમાં)	29.01.2025ના રોજ કુલ બાકી લેણા	અનામત કિંમત (રૂમાં)	નિરીક્ષણની તારીખ	હરાજીની તારીખ અને સમય
1. શ્રી પરેશ ગોપાલભાઈ પટેલ 2. શ્રી સમીર ગોપાલભાઈ પટેલ 3. શ્રી રાજેશ ગોપાલભાઈ પટેલ 4. શ્રીમતી મનીષાબહેન રાજેશભાઈ પટેલ 5. શ્રીમતી સોનલ સમીરભાઈ પટેલ	**શિડ્યૂલ–1** સ્થાવર સંપત્તિના ટુકડાં અને ખંડ બધાંનું સરનામું: પ્લોટ નં. 19 અને 20ની સ્થાવર મિલકત, જેનું કુલ માપ 3990 ચો. ફુટ એટલે કે 370.82 ચોરસ મીટર થાય છે, જેની સોસાયટીનું નામ છે, ગોપાલનગર, જે કતારગામ ખાતે આવેલી છે, જેનો રેવન્યૂ સર્વે નં. 503/1 – એ, ટી. પી. સ્કીમ નં. 49, ફાઈનલ પ્લોટ નં. 224, ગામઃ કતારગામ, તાલુકોઃ સુરત શહેર, જિલ્લો સુરત. સીમાઓ: પૂર્વે – રેવન્યૂ સર્વે નં. 503/2; પશ્ચિમે – પ્લોટ નં. 21; ઉત્તરે – પ્લોટ નં. 29 અને 30; દક્ષિણે – પ્લોટ નં. 17 અને 18	H07185250124073607 / H07185270224020543	16.02.2025	રૂ. 31,97,235.06/–	રૂ. 3,70,39,015.19	રૂ. 3,19,72,356/–	પૂર્વ એપોઈન્ટમેન્ટ સાથે સવારે 10.00થી સાંજે 5.30 સુધી સર્વ કામકાજના દિવસે.	08.04.2025 બપોરે 12:00 વાગ્યાથી 2:00 વાગ્યા સુધી

જાહેર હરાજીના નિયમો અને શરતો

1. ઈ–હરાજી વેચાણ એઈડ અને જાહેર ઈ–હરાજી માધ્યમ થકી સારફેસી એક્ટની જોગવાઈઓ હેઠળ વેબસાઈટ https://sarfaesi.auctiontiger.net/EPROC/under થકી અધિકૃત અધિકારી દ્વારા ઓનલાઈન હાથ રહ્યું છે.
2. જાહેર ઈ–હરાજી ઉક્ત ઉલ્લેખિત તારીખ અને સમયે હાથ ધરાશે, જ્યારે ઉક્ત ઉલ્લેખિત સંરક્ષિત અસ્કયામત **"જેમ છે જ્યાં છે ધોરણે" અને "જેમ છે જે સ્થિતિમાં છે"** ધોરણે વેચવામાં આવશે.
3. જાહેર ઈ–હરાજીં ભાગ લેવા માટે ઈચ્છુક ખરીદદાર/બિડરોએ **07/04/2025** ના રોજ અથવા પૂર્વે પેન કાર્ડ, કંપનીના કિસ્સામાં બોર્ડનો ઠરાવ અને સરનામાના પુરાવાની નકલો સાથે સંરક્ષિત અસ્કયામતોની અનામત કિંમતના 10%ની રિફંડેબલ બાનાની રકમની ચુકવણીની વિગતો સુપરત કરવાની રહેશે.
4. જાહેર ઈ–હરાજીમાં સફળ નહીં થનારા બધા અન્ય બિડરોની બાનાની રકમ એલટીએચએફ દ્વારા જાહેર ઈ–હરાજી બંધ થયાના 7 દિવસમાં રિફંડ કરાશે. બાનાની રકમ પર કોઈ વ્યાજ નહીં અપારો.
5. સફળ ખરીદદાર/બિડરે તેની/તેમની ઓફરના 25% (બાનાની રકમનો સમાવેશ) ડી.ડી./પી.ઓ.ના રૂપમાં "એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ"ને નામે મુંબઈ ખાતે **08/04/2025** ના રોજ 18:00 કલાકે અથવા તે પૂર્વે, એટલે કે, ઈ–લિલામીના દિવસે અથવા આગામી કામકાજના દિવસ, એટલે કે, **09/04/2025** ના રોજ જમા કરવાના રહેશે, જે ડિપોઝિટ એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ દ્વારા પુષ્ટિ કરાશે, જેમાં નિષ્ફળ જતાં વેચાણ નિષ્ફળ થયું છે એવું ધારવામાં આવશે અને કથિત સફળ બિડરની બાનાની રકમ જપ્ત કરાશે. બાકી રકમ, એટલે કે, ખરીદી કિંમતના 75% ખરીદદાર દ્વારા એલ&ટી ફાઈનાન્સ લિમિટેડને સ્થાવર મિલકતના વેચાણની પુષ્ટિના પંદરમા દિવસે અથવા તે પૂર્વે અથવા કાયદાની જોગવાઈ અનુસાર આવા વિસ્તારિત સમયગાળામાં ખરીદદાર દ્વારા ચૂકવવાપાત્ર રહેશે.
6. મિલકતના નિરીક્ષણ કે વધુ માહિતી માટે હરાજીમાં સંભવિત બોલી લગાવનારાઓ અધિકૃત અધિકારીનો સંપર્ક કરી શકે છે, જેમનું નામ છે – **દિલીપ મિશ્રા અને સંતોષ તિવારી, એલ એન્ડ ટી ફાઈનાન્સ લિ., ઑફિસઃ છઠ્ઠો માળ, બ્રિન્દાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કલિના, સીએસટી રોડ, મર્સીડીઝ શોરૂમની પાસે, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ – 400 098. સંપર્ક નં. 022–68076666.** ઈ–હરાજીના કોઈપણ તબક્કે અધિકૃત અધિકારી કોઈપણ કારણ જણાવ્યાં વગર અને અગાઉથી કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર બોલી/ઑફરને સ્વીકારી/નકારી/સુધારો–વધારો/રદ કરી શકે છે અથવા તો તેને પાછી ઠેલી શકે છે.
7. સફળ ખરીદદાર/બિડરે લાગુ કાયદા અનુસાર મિલકત કન્વેયન્સ કરવું/તેના/તેણી/તેમની તરફેણમાં કરાવી લેવા માટે ચૂકવવાનું આવશ્યક કોઈ પણ કાનૂની લેણાં, કર, ચૂકવવાપાત્ર ફી, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી વગેરે ભોગવવાનું રહેશે.
8. ઋણદાર/ગેરન્ટરો, જેઓ કથિત બાકી લેણાં માટે ઉત્તરદાયી હોય, તેમણે આ વેચાણની સૂચનાને ઉક્ત ઉલ્લેખિત જાહેર ઈ–હરાજી વેચાણના હોલ્ડિંગ વિશે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમોના નિયમ 8 (6) હેઠળ સૂચના તરીકે આ વેચાણ સૂચના ગણવામાં આવશે.
9. ઋણદાર(રો)/સહ–ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)ને અત્રે કથિત ઈ–હરાજીની તારીખ પૂર્વે ઉક્ત ઉલ્લેખિત આખી લોનનાં બાકી લેણાં ચૂકવી દેવા અત્રે અનુરોધ કરવામાં આવે છે, જેમાં નિષ્ફળ જવા પર એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ એસએઆરએફએઈએસઆઈ ધારા 2002માં નિર્ધારિત જોગવાઈઓ અનુસાર મિલકત વેચી નાખશે.
10. ઋણદાર(રો)/સહ–ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)/જાહેર જનતાનેઅત્રે એલ&ટી ફાઈનાન્સ લિમિટેડની પૂર્વ લેખિત સંમતિ વિના નોટિસમાં સંદર્ભિત સંરક્ષિત અસ્કયામતો અંગે વેચાણ, ભાડાપટ્ટા કે અન્યથા ટ્રાન્સફર નહીં કરવા માટે ચેતવવામાં આવે છે.

તારીખઃ 18.03.2025
સ્થળઃ સુરત

સહી/–
અધિકૃત અધિકારી
એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ વતી

Administration of
Dadra & Nagar Haveli and Daman & Diu
PWD Civil Division No.III (DP)
Silvassa

UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU
PWD CIVIL DIVISION NO.III (DP)
NOTICE INVITING TENDER
Construction of Box Culvert Causeway at Kherdi Kashpada in DNH

	Tender No.	58 OF 2024-2025
	Tender ID No.	2025_UTDNH_7498_1
	On line downloading start of tender documents	13/03/2025 09:00 Hrs
	Last date & Time for Receipt of Bid/ Upload Bid	20/03/2025 14.30 Hrs.
For details please scan dnhtenders.gov.in eeirridnh@gmail.com 0260-2642949	Online Opening of Technical Bid	20/03/2025 16.00 Hrs.
	Online Opening of Price Bid	20/03/2025 16.30 Hrs. (If Possible)
	Any Other Details -	

EXECUTIVE ENGINEER, PWD CIVIL DIV NO.III (DP), DNH, SILVASSA
No.5-2(1)/DNH/DP/2025/141 Dt.13/03/2025
NO:IP/DMN/2/5/2025-26/258 dated: 17/3/2025

Sd/-
Executive Engineer
PWD Civil Division No.III (DP),
Dadra and Nagar Haveli,
Silvassa

ગુજરાતમાં છેલ્લાં કેટલાક સમયથી ડ્રગ્સ પકડવાનું પ્રમાણ વધ્યું

ગાંધીનગર,તા.૧૭

ગુજરાતમાં છેલ્લાં કેટલાક સમયથી ડ્રગ્સ પકડવાનું પ્રમાણ વધ્યું છે. પરંતુ, દોષિતો સામે પગલાં લેવામાં હજુ ઢીલું વલણ હોય તેવું જણાય છે. ગુજરાતમાં છેલ્લાં ૩ વર્ષમાં ડ્રગ ટ્રાફિકિંગના ૧૭૪૩ કેસ નોંધાયા છે. પરંતુ, તેની સામે માત્ર ૧૬ દોષિત પુરવાર થયાનું સામે આવ્યું છે.

આ અંગે મળતી માહિતી મુજબ, ગુજરાતમાં ડ્રગ ટ્રાફિકિંગના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. ૨૦૨૨ માં ૫૧૬, ૨૦૨૩માં ૬૦૪ જ્યારે ૨૦૨૪માં ૬૨૩ કેસ નોંધાયા હતા. જેની સામે દોષિતોનું પ્રમાણ ઓછું છે. ૨૦૨૨ માં ૨, ૨૦૨૩માં ૧૧ અને ૨૦૨૪માં ૫ દોષિત પુરવાર થયાનું સામે આવ્યું છે. સમગ્ર દેશની વાત કરવામાં આવે તો ૨૦૨૨થી ૨૦૨૪માં ડ્રગ ટ્રાફિકિંગના નોંધાયેલા કુલ ૩.૦૨ લાખ કેસ સામે ૨૬૮ દોષિત પુરવાર થયા છે.

ગોંડલમા રેશનકાર્ડ ધારકોને પૂરતો જથ્થો ન મળતો હોવાની ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરાઇ

અધિકારીઓ અને રાશનદુકાનદારોની મીલી ભગતના લીધે લોકોને મુશ્કેલી

દુકાન બહાર મળવા પ્રાપ્ત રાશન દર્શાવતું બોર્ડ લગાવવા કરાઇ રજુઆત

જનાદેશ પ્રતિનિધિ, ગોંડલ : યુવા અગ્રણી કુલદીપસિંહ જાડેજા એ રાજ્યના અન્ન અને નાગરીક પુરવઠા મંત્રી કુંવરજીભાઇ બાવળિયા ને રજૂઆત કરતા જણાવ્યુ હતુ કે ગોંડલમાં આવેલ રેશનકાર્ડ દુકાનદારો નાગરિકોને મળવા પ્રાપ્ત જથ્થો આપતા નથી. ઘઉ ચોખા ખાંડ સહિત ની વસ્તુઓ માત્ર અડધી આપવામાં આવે છે. તેઓએ જણાવ્યું હતું સરકાર ગામડાના છેવાડા ના માણસ સુધી રેશન પહોંચે તેવા પ્રયત્નો કરે પરંતુ રેશનકાર્ડ ધારકો અને અધિકારીઓની ક્યાંક ને કયાંક મીલી ભગતના લીધે સામાન્ય માણસ ને મુશ્કેલી સહન કરવી પડી રહે છે. બીજી તરફ અનેક રેશનકાર્ડ દુકાનો ચાર્જ મા ચાલૂ છે જેના લીધે પણ લોકોને રાશન લેવામાં મુશ્કેલી પડે છે. એક જ વ્યક્તિ પાસે અનેક દુકાનો ચાર્જ હોય મહિના માં માત્ર બે દિવસ દુકાનો ખુલ્લી રાખી લોકોને બે દિવસમાં જથ્થો લઇ જવા દબાણ કરવામાં આવે છે. લોકોને આપવાની આવતી રાશન ની વિગતો દર્શાવાતુ બોર્ડ બહાર લગાવવામાં આવે જેથી લોકોને પોતાને મળવા પ્રાપ્ત રાશન નો જથ્થો જાણી શકે તો આ તમામ બાબતોની ગંભીરતા લઈને આવા દુકાનદારો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લેખિત મા રજૂઆત કરવામાં આવી હતી.

રાજ્યના કેબિનેટ મંત્રી અને જસદણ વિછીયાના

ધારાસભ્ય કુંવરજીભાઇ બાવળીયાના જન્મદિવસ નિમિત્તે બ્લડ ડોનેશન અને વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો



જનાદેશ પ્રતિનિધિ, જસદણઃ વિછીયા અમરાપુર શૈક્ષણિક સંકુલ ખાતે ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી અને જસદણ વિછીયા ના લોકલાડીલા ધારાસભ્યશ્રી કુંવરજીભાઇ બાવળીયાના જન્મદિવસ નિમિત્તે અમરાપુર સંસ્થા ખાતે બ્લડ ડોનેશન કાર્યક્રમ અને વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો, જેમાં બહોળી સંખ્યામાં ભાઈઓ અને બહેનો જોડાયા હતા અને બ્લડ એકત્રિત કરવામાં આવ્યું હતું. મંત્રી શ્રી કુંવરજીભાઇ બાવળીયાને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને ભાજપના કાર્યકરો અને મંત્રીશ્રીઓ અને અધિકારીઓ દ્વારા શુભેચ્છા સંદેશો પાઠવવામાં આવ્યો હતો. બ્લડ ડોનેશનમાં ભાગ લેનાર યુવાનોને ક્રિકેટ કીટનું વિતરણ કરાયું હતું, સ્પર્ધાત્મક પરીક્ષા માટે યુવાનોને જનરલ નોલેજ બુકનું વિતરણ કરાયું હતું, તાલુકાઓ અને જિલ્લા કક્ષાની સરકારી હોલ્મિટલોમાં ફુટ નું વિતરણ કરવામાં આવ્યું હતું. ગૌશાળામાં ગાયોને ઘાસચારાની વ્યવસ્થાઓ કરાવવામાં આવી વૃક્ષારોપણના કાર્યક્રમ કરવામાં આવ્યા હતા. દરેક જિલ્લા અને તાલુકા પંચાયતના સદસ્યો અને જસદણ વિછીયા તાલુકા ભાજપના આગેવાન કાર્યકરો અને મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. અન્ન અને નાગરિક પુરવઠા યોજના અંતર્ગત ગરીબ લોકોને કીટનું વિતરણ કરવામાં આવ્યું. ૩૫૦ થી ૪૦૦ બોટલ બ્લડ એકત્રિત કરવામાં આવ્યું. જે લોકોએ બ્લડ આપવામાં આવ્યું એ લોકોને એક એક વૃક્ષનું ઝાડ પણ ભેટ આપવામાં આવ્યું હતું . અને દરેક લોકોને એક એક પ્રેરણા રૂપી ગિફ્ટ આપવામાં આવી, બ્લડ બેન્ક દ્વારા પણ પ્રમાણપત્ર આપવામાં આવ્યું અને મંત્રીશ્રી દ્વારા પણ પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.

"જનભાગીદારી યોજના" હેઠળ પેવીંગ બ્લોક નાખવાના કામનું ખાતમુહૂર્ત યોજાયો

વોર્ડ નં.૮ના કોર્પોરેટરશ્રીઓના વરદ્ હસ્તે કરવામાં આવ્યું

જનાદેશ પ્રતિનિધિ, રાજકોટઃ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૮માં યોગી નિકેતન, રાજહંસ સોસાયટી, ન્યુ કોલેજવાડી તથા ગંગા પાર્કમાં રસ્તાનાં સાઇડ સોલ્ડરમાં "જનભાગીદારી યોજના" હેઠળ પેવીંગ બ્લોક નાખવાના કામનું ખાતમુહૂર્ત વોર્ડ નં.૮ના કોર્પોરેટરશ્રીઓના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં વોટર વર્કસ સમિતિ ચેરમેન અશ્વિનભાઇ પાંભર, કોર્પોરેટર બિપીનભાઇ બેરા, ડો.દર્શનાબેન પંડયા, પ્રમુખ દેવકરણભાઇ જોગરાણા, શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશભાઇ રાઠોડ, રાજકોટ શહેર મહિલા મોરચા પ્રમુખ કિરણબેન માકડિયા, કાથડભાઇ ડાંગર, સમીરભાઇ ખીરા, દિલસુખભાઇ રાઠોડ, નિલેશભાઇ ભટ્ટ, ભરતભાઇ રામોલીયા, પ્રણવભાઇ મહેતા, અશોકભાઇ ડાંગર, રઘુભાઇ ધોળકીયા, સંદીપભાઇ દેવાણી, જયેન્દ્રસિંહ સરવૈયા, અશ્વિનભાઇ રાખશીયા, જયસુખભાઇ મારવીયા, અલ્કાબેન કામદાર, રીટાબેન સખીયા, રક્ષાબેન જોશી, ડો.દેવાંગી મૈયડ, રજનીબેન ચાવડા, મીનાબેન શર્મા, નયનાબેન ઠક્કર, ઉષાબેન મહેતા, કલ્પનાબેન રોજેસરા, ગીતાબેન રાઠોડ, યજ્ઞાબેન થાનકી, છાયાબેન પાતરીયા, દિવ્યાબેન સોલંકી, નીતાબેન વસાવડા, વશરામભાઇ તંતી, દિલીપભાઇ પટેલ, જીતુભાઇ રાઠોડ, લીલાબેન પોપટ, પ્રવિણભાઇ મહેતા, દિલીપભાઇ ગોસ્વામી, ચંદ્રેશભાઇ, વિરલભાઇ વસાવડા, પ્રતાપભાઇ વોરા, પિયુષભાઇ વૈદ, અમિતભાઇ શેઠ, હરીશભાઇ નથવાણી, સંઘાણી સાહેબ, વિમલભાઇ ગોટેચા, મહેશભાઇ ગોકાણી, હિરલભાઇ શેઠ, અલ્પેશભાઇ મૃગ, રાજુભાઇ ડેલાવાળા, મનિષભાઇ ઘનેષા, હિનાબેન ગજ્જર, ચંદ્રેશભાઇ ડેલાવાળા, મહેન્દ્રભાઇ ગોટેચા, ચંદ્રિકાબેન ગોટેચા, રાજેન્દ્રભાઇ ગોટેચા, સુધાબેન ગોટેચા વગેરે ઉપસ્થિત રહેલ.

હેમુ ગઢવી હોલ ખાતે રાજ્ય કક્ષાની સાહસિક પ્રવૃત્તિ પ્રોત્સાહન શિબિરનો શુભારંભ કરાયો

જનાદેશ પ્રતિનિધિ, રાજકોટ : જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ કચેરી, રાજકોટ દ્વારા રાજ્ય કક્ષાની સાહસિક પ્રવૃતિ પ્રોત્સાહન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેના શુભારંભ પ્રસંગે હેમુ ગઢવી હોલ ખાતે આપાતકાલીન પરિસ્થિતિ વિશે એસ.ડી આર.એફ ની કંપની એસ.આર.પી. ગ્રુપ ૧૩ ઘંટેશ્વર દ્વારા તાલીમ આપવામાં આવી હતી. શિબિરમાં સાયબર પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. શ્રી વેગડ દ્વારા સાયબર સિક્યુરિટીની તથા રાજકોટ મહાનગર પાલિકાના ફાયર ઓફિસર શ્રી તેજસ ગઢવી દ્વારા ફાયર સેફટી અંગે માહિતી તથા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જ્યારે રેડ ક્રોસ સોસાયટીના ફર્સ?ટ એઇડ ટ્રેનર શ્રી બીપીનભાઇ લો અને રહીમભાઇ દલ દ્વારા તમામ શિબિરાર્થીઓને આપાતકાલીન સમયે દવાઓ અને અન્ય સાધનોના ઉપયોગ વિષે ટ્રેનિંગ આપવામાં આવી હતી. શુભારંભ સત્ર બાદ હવે શિબિરાર્થીઓને તા. ૧૮ થી ૨૧ દરમિયાન ઓસમ ડુંગર પાટણવાવ ખાતે પર્વતારોહણ, રોક ક્લાઈમ્પંગ, એડવેન્ચર તથા સાહસિકતાની મૂળભૂત તાલીમ આપવામાં આવશે. આ શિબિરમાં કણસાગરા કોલેજ, મહિલા કોલેજ, એમ.પી.શાહ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ તેમજ ભાવનગરની પુરુષાર્થ એકેડમીના સભ્યો મળી કુલ ૪૦૦ બહેનોએ ભાગ લીધો હતો, તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી એચ.વી. દિહોરાની યાદીમાં જણાવાયું છે.

વિશ્વ ચકલી દિવસની ઉજવણી અંતર્ગત મહાત્મા ગાંધી મ્યુઝિયમ ખાતે

શહેરીજનોને વિનામૂલ્યે 'ચકલીના માળા' અને 'પાણીના કુંડા'નું વિતરણ કાર્યક્રમ યોજાશે

જનાદેશ પ્રતિનિધિ, રાજકોટઃ લુપ્ત થતી ચકલીઓને બચાવવા આયોજીત કાર્યક્રમમાં ઉપસ્થિત રહી, વિનામૂલ્યે "ચકલીના માળા" અને "પાણીના કુંડા" મેળવવા પક્ષીપ્રેમીઓને અનુરોધકરતા મહાનગર પાલિકાના પદાધિકારીઓ અને મ્યુનિસિપલ કમિશનર. મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડીગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનરતુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનિષભાઇ રાડીયા, બાગ બગીચા અને ઝૂ કમિટીના ચેરમેન સોનલબેન સેલારા એક સંયુક્ત યાદીમાં જણાવે છે કે,હાલમાં ચકલીની સંખ્યામાં દિન પ્રતિ-દિન ઘટતી થતી જાય છે. ચકલીના રક્ષણ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા છેલ્લા ૧૪ વર્ષથી વિનામૂલ્યે 'ચકલીના માળા' અને 'પાણીના કુંડા' વિતરણ કાર્યક્રમ યોજવામાં આવે છે. જે મુજબ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ?વિશ્વ ચકલી દિવસ? અંતર્ગત તા.૨૦/૦૩/૨૦૨૫, ગુરૂવારના રોજ સવારે ૦૯:૩૦કલાકે મહાત્મા ગાંધી મ્યુઝિયમ, જ્યુબિલી ચોક પાસે, જવાહર રોડ, રાજકોટ ખાતે શહેરીજનોને વિનામૂલ્યે 'ચકલીના માળા' અને 'પાણીના કુંડા' વિતરણ માટે કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય રાજકોટના પૂર્વ મેયર શ્રી જનકભાઇ કોટકના વરદ હસ્તે કરવામાં આવશે. આ કાર્યક્રમ મેયર નયનાબેન પેઢડીયાના અધ્યક્ષ સ્થાને યોજાશે. આ કાર્યક્રમમાં આ કાર્યક્રમમાંગુજરાત સરકારના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા,રાજકોટના સાંસદ પરસોતમભાઇ રૂપાલા, રાજ્યસભાના સાંસદ રામભાઇ મોકરીયા,રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે,ધારાસભ્યપ ઉદયભાઇ કાનગડ, ડો.દર્શિતા શાહ,રમેશભાઇ ટીલાળા,ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યવક્ષ ડો.ભરતભાઇ બોઘરા,ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી બિનાબેન આચાર્ય,ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા,સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર,મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા,શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ,દંડક મનિષભાઇ રાડીયા,શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઇ મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલા,બાગ બગીચા અને ઝૂ સમિતીના ચેરમેન સોનલબેન સેલારા, રાજકોટ મહાનગરપાલિકાના કોર્પોરેટરો, સંગઠનના હોદેદારો, અધિકારીઓ-કર્મચારીઓ તથા શહેરીજનો ઉપસ્થિત રહેશે. 'ચકલીના માળા"અને 'પાણીના કુંડા' મેળવવા શહેરના પક્ષીપ્રેમીઓને તથા જીવદયા પ્રેમીઓને ખાસ નિમંત્રણ પાઠવેલ છે.